## 1. બંદર એટલે શું? બંદરના પ્રકાર કયા કયા છે?

- બંદર એક એવું સ્થળ છે કે જ્યાં દરિયાઈ વ્યવહાર અને ભૂમિ પરના વ્યવહાર વચ્ચેનો સંબંધ વહાણો કે સ્ટીમરો અને ભૂમિ પરનાં પરિવહનનાં સાધનો દ્વારા જાળવી શકાય છે. બંદર પર બીજા દેશોની ચીજવસ્તુઓની આયાત કરવામાં આવે છે, તેમજ દેશમાં ઉત્પાદિત ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવે છે.
- બંદરોના પ્રકાર : દરિયાઈ બંદર, નદીબંદર, સરોવર બંદર, નહેરબંદર, ફેરીબંદર, ફેરબદલી માટેનું બંદર, વાણિજ્ય બંદર, નૌ સૈનિક બંદર, જહાજ બાંધકામ અને સમારકામ માટેનાં બંદર અને પ્રવાસી બંદર.

## 2. બંદરોને 'આંતરરાષ્ટ્રીય વ્યાપારનાં પ્રવેશદ્વાર' શા માટે કહેવામાં છે?(March 18)

- દુનિયાના જુદા જુદા દેશો કે પ્રદેશોની ચીજવસ્તુઓની હેરફેર માટે રિયાઈ માર્ગ માનો છે. બંદર એક એવું સ્થળ છે કે જ્યાં રિયાઈ વ્યવહાર અને જમીન પરના વ્યવહાર વચ્ચેનો સંબંધ વહાણો કે સ્ટીમરો અને જમીન પરનાં વાહનો દ્વારા જાળવી શકાય છે.
- બંદર પર બીજા દેશોમાંથી આયાત કરેલી ચીજવસ્તુઓને ઉતારવામાં આવે છે તેમજ દેશમાં ઉત્પાદિત ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવે છે. બંદર આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે મહત્ત્વની ભૂમિકા નિભાવે છે , તેથી બંદરોને 'આંતરરાષ્ટ્રીય વ્યાપારનાં પ્રવેશદ્વાર' કહેવામાં આવે છે.

## 3. બંદરો આંતરરાષ્ટ્રીય વ્યાપારનાં પ્રવેશદ્વાર તરીકે શાથી ઓળખાય છે ?

- દુનિયાના જુદા જુદા દેશો કે પ્રદેશોની ચીજવસ્તુઓની હેરફેર માટે રિયાઈ માર્ગ માનો છે. બંદર એક એવું સ્થળ છે કે જ્યાં રિયાઈ વ્યવહાર અને જમીન પરના વ્યવહાર વચ્ચેનો સંબંધ વહાણો કે સ્ટીમરો અને જમીન પરનાં વાહનો દ્વારા જાળવી શકાય છે.
- બંદર પર બીજા દેશોમાંથી આયાત કરેલી ચીજવસ્તુઓને ઉતારવામાં આવે છે તેમજ દેશમાં ઉત્પાદિત ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવે છે. બંદર આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે મહત્ત્વની ભૂમિકા નિભાવે છે, તેથી બંદરોને 'આંતરરાષ્ટ્રીય વ્યાપારનાં પ્રવેશદ્વાર' કહેવામાં આવે છે.

## 4. સરોવર બંદરના વિકાસ માટેની ભૌગોલિક અનુકૂળતાઓ જણાવી, સરોવર બંદરનાં ઉદાહરણો આપો.

- મોટાં સરોવરો પર બંદરના વિકાસ માટે ભૌગોલિક અનુકૂળતાઓ જેવી કે પાણીનું વધુ ઊંડાણ, બરફ મુક્ત પાણીની સપાટી, સમૃદ્ધ પીઠ પ્રદેશો, સરોવર બંદરને જોડતા ભૂમિ પરના પરિવહન માર્ગ વગેરે અનુકૂળતા હોય તેવાં સરોવરને કિનારે સરોવર બંદર વિકસે છે. ડુલુથ, શિકાગો, આલ્પન, ટોરેન્ટોબફેલો, ટૉલેડો વગેરે સરોવર બંદરો છે.

## 5. ગેટ (GATT) સમજૂતીનાં મુખ્ય ધ્યેય કયાં કયાં છે ? (March 18)

- ગેટ (GATT) સમજૂતીનાં મુખ્ય ધ્યેય નીચે પ્રમાણે છે : જુદા જુદા દેશો વચ્ચે વ્યાપાર સંબંધોમાં પ્રવર્તતા ભેદભાવો દૂર કરવા. આયાત જકાતો ઘટાડવી કે નાબૂદ કરવી. વ્યાપાર આડે આવતા અવરોધો દૂર કરવા. વિકાસશીલ દેશોની ઔદ્યોગિક વસ્તુઓ માટે વિકસિત દેશોનાં બજારો સુલભ બનાવવાં.

6. ઓપેક સંગઠનના હેતુઓ જણાવો. (March 19)

- ઓપેક સંગઠનના હેતુઓ નીચે પ્રમાણે છે :
- ખનીજ તેલમાં કિંમતસંબંધી નીતિઓ તૈયાર કરવી.
- ખનીજ તેલ અને કુદરતી વાયુનું મૂલ્ય નિર્ધારણ કરવું.
- ચોક્કસ સમયગાળા દરમિયાન ખનીજ તેલનું કેટલું ઉત્પાદન કરવું તે નક્કી કરવું.
- ખનીજ તેલના વેચાણની નીતિઓ તૈયાર કરવી.